# Phone call between Prime Minister Shri Narendra Modi and H.E. Mr. Benjamin Netanyahu, Prime Minister of Israel

October 05, 2020

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ઈઝરાયેલવાં વડાપ્રધાન મહામહિમ શ્રી બેન્ઝામિન નેતેનયાહુ વચ્ચે ફોન પર વાતચીત

ઓક્ટોબર 05, 2020

આજે સવારે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ઈઝરાયેલનાં વડાપ્રધાન મહામહિમ શ્રી બેન્ઝામિન નેતેનયાહુ સાથે વાત કરી હતી.

વડાપ્રધાને યહુદીઓનાં નવા વર્ષ પર અને યહુદી તહેવાર સુક્કોત પર વડાપ્રધાન નેતેનયાહુ અને ઈઝરાયેલનાં લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

નેતાઓએ કોવિડ-19 મહામારીનાં સંદર્ભમાં અને ખાસ કરીને સંશોધન, નિદાનાત્મક સાધનો અને રસી વિકાસની ક્ષેત્રિય અજમાયશોનાં ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકારમાં થયેલી પ્રગતિની સકારાત્મક રીતે આકારણી કરી હતી. તેઓ માત્ર બન્ને દેશોનાં લોકોનાં લાભ માટે જ નહીં પરંતુ સમગ્ર માનવજાતની ભલાઈ માટે આ મહત્વનાં ક્ષેત્રોમાં નજીકનાં સહકારની અગત્યતા પર સંમત થયા હતા.

તેઓએ જળ અને કૃષિ, આરોગ્ય, વ્યાપાર અને સ્ટાર્ટ અપ તથા નવીનીકરણનાં ક્ષેત્રોમાં ચાલું સહકારની સમીક્ષા પણ કરી હતી અને આ જોડાણો વધુ ગહન કરવા પર ચર્ચા કરી હતી.

નેતાઓ ઉદ્ભવી રહેલા પ્રાંતિય અને વૈશ્વિક પડકારો અને તકો પરની આકારણીઓનું આદાન-પ્રદાન કરવા અને નજીકની અને મજબૂત દ્વિપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારી આગળ વધારવામાં માર્ગદર્શન પ્રદાન કરવા માટે નિયમિત પરામર્શો યોજવાનું ચાલું રાખવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 05, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.